00102893



Digitized with financial assistance from the
Mr. Sangi
on 12 April, 2019

ખુનદેહેશ.

ગુજરાતી હરફે તેનું વાચન, તરજુમો અને નોટો

કર્તા

એરવદ જીવનજી જમશેદજી મોદી. બી. એ.

LIBRARY OF THE BOMBAY BRANCH OF THE ROYAL ASIATIC SOCIETY.

મુંબઇ :-
એજ્યુકેશન સોસાએટી સ્ટીમ પ્રેસ.

૧૯૦૨.

BUNDEHESH.

TRANSLITERATION AND TRANSLATION, WITH NOTES IN GUJRÁTI,

BY

JIVANJI JAMSHEDJI MODI, B.A.,

Fellow of the University of Bombay.

EE.C.22

102893 ac

LIB OF BOM BRA OF T ROYAL ASIAT

Bombay:

PRINTED AT THE

EDUCATION SOCIETY'S STEAM PRESS.

1901.

00102893

WORKS BY THE SAME AUTHOR.

ENGLISH.

The Religious System of the Parsees.
Wine among the Ancient Persians.
Asto-dán.
The River Kárun.
The Game of Ball-Bat among the Ancient Persians, as described in the Epic of Firdousi.
The Funeral Ceremonies of the Parsees, their Origin and Explanation.
Dante and Virâf, and Gârdis and Kâus.
The Persian Mâr-Nâmeh or, The Book for the taking of Omens from Snakes.
The Bas Relief of Behrâm Gour and the Horse in Ancient Irân.
Cucullin and Conlokh, and Rustam and Sohrâb.
Charms or Amulets and a few Ancient Beliefs about the Eclipse.
Cashmere and the Ancient Persians and the Indian Game of Chess.
The Antiquity of the Avestâ.
The Belief about the Future of the Soul among the ancient Egyptians and Irânians.
Marriage Customs among the Parsees, their comparison with similar customs of other nations.
Aryâdgâr-i-Zarirân Shatrôihâ-i-Airân va Afdya va Sahigîya-i-Seistan. (The Memoir of Zarir, Cities of Irân and the Wonders and Marvels of Seistân.
Impressions d'un Parsi sur La Ville de Paris.
La Cérémonie du Naojote parmi les Parsis.

ગુજરાતી.

વાયુચક્ર શાસ્ત્ર. Meteorology.
જમશેદ હોમ અને આતશ. Jamshed, Hom and Fire.
અવસ્તા જમાનાની ઘરસંસારી જીંદગી, ભૂગોળ અને એકરારનામું. The Social life, Geography and Articles of Faith of Avesta times.
અનાહીત અને ફરોહર. Anâhita and Farôhar.
ભવિષ્યની જીંદગી અથવા આત્માનું અમરપણું. Immortality of the Soul.
મેહેર અને જશને મેહેરગાન. Mithra and the Feast of Mithras.
અવસ્તાનાં વિશેષનામોની ફરહંગ. A Dictionary of Avestic Proper Names.
ઇરાની વિષયો. Irânian Essays, Part I.
મોત ઉપર વાએજ. A Sermon on Death.
શાહનામું અને ફીરદોશી. Shâhnâmeh and Firdousi.
જ્ઞાન પ્રસારક વિષયો. Lectures before the Dnyân Prasârak Society.
ઇરાની વિષયો ભાગ બીજો. Irânian Essays, Part II.
જરથોસ્તી ધર્મ સંબંધી વાએજો. (છપાય છે In the press). Sermons and Lectures on Zoroastrian subjects.
ઇરાની વિષયો ભાગ ત્રીજો. (છપાય છે). Irânian Essays, Part III.
શાહનામું, મીનોચેહરના રાજ્યસુધી. (છપાય છે). Shâh-nâmeh up to the Reign of Minocheher.

જરથોશ્તી દીનની ખોળ કરનારી મંડળીના સભાસદો.
મેહેરબાન મિત્રો.

ઘણીક સુંદર સંધ્યાકાળો, તમો ભલા અને ભણેલા ભાઇઓની ભલી સંગતમાં, આપણી પુરાણી હાદીશેઠની દરેમેહરના માળા ઉપર, મેં ગુજરી છે. ત્યાં હું બોલ્યો છું અને મેં વાંચ્યું છે, તે કરતાં વધુ મેં મારા લાભ અર્થે સાંભળ્યું છે. માટે એ સઘળાં માટેની એક નાની યાદ તરીકે, અને તમો મેહેરબાન ભાઈઓ માટેના માન અને મોહોબતની એક કમીની ઈંધાની તરીકે, માઇં આ પુસ્તક, તમો ભાઇઓને અર્પણ કરવાની રજા લેઉંછું.

સેવક
જીવનજી જમશેદજી મોદી.

DEDICATED

TO THE MEMBERS OF

(JARTHOSTHI DIN NI KHOL KARNARI MANDLI)

The Society for the Promotion of Researches into Zoroastrian Religion.

LIBRARY OF THE BOMBAY BRANCH OF THE ROYAL ASIATIC SOCIETY

સાંકળિયું.

પાનું.

દિબાચો ૧

પ્રસ્તાવના ૬

આ પુસ્તકનું નામ અને બાબત ૬

પુસ્તકની બાબતનો સારાંશ ૬

બુનંદેહેરા અસલમાં એક પુરાણી કેતાબ ૧૦

બુનંદેહેરાનું મૂળ, દામદાદ નુસ્કે ૧૦

તેની સાબિતીઓ ૧૧

૧) લી સાબિતી. નામોના અર્થ મુજબ ૧૧

૨) જી સાબિતી. બાબતોનું મળતાપણું ૧૧

(ક) દીનકંદના વર્ણનને આધારે ૧૧

(ખ) દીન વજરકંદને આધારે ૧૨

(ગ) રેવાયતને આધારે ૧૩

૩) જી સાબિતી. બુનંદેહેરાને મળતા જાદરપરસ પુસ્તકમાં દામદાદ નુસ્કેનું નામ ૧૪

બુનંદેહેરાનો લખનાર ૧૫

અસલ બુનંદેહેરાનો સને ૧૬

હાલમાં મળે છે તેમ, પાછલા વધારા સાથેની બુનંદેહરાનો સને ૧૬

આરબોની જીતના ઇસાસઓ ૧૬

આરબોની જીત પછીના ઇસારાઓ ૧૮

બુનંદેહેરાનો અસલ અને પાછલો ભાગ ૧૯

અસલ જણાવલી નકલોનો પુરાણો ભાગ. તેની દલીલો ૧૯

૧) લી દલીલ. દામદાદ નુસ્કના ફકત ૩૨ કરદા હતા ૨૦

૨) જી દલીલ. કેરદારના રૂપ બાબે નવું દાખલ થયલું તત્વ ૨૦

બાબ ૧—ઘદાર અહુરમજદની મૂળ પેદાયશ ઉપર ૩

બાબ ૨—રોશન (આકાશીગોળા) ઓની પેદા કરવાની બાબતમાં ૬

બાબ ૩—આહરેમનનું પેદાયશ તરફ દોડવું ૧૩

બાબ ૪—ગોશોરૂન ૧૫

બાબ ૫—ગ્રહો અને રાશિઓ ૨૧

બાબ ૬—દુનિયાની પેદાયશના, ગનામીનોની હરીફાઈ સાથેના ઝગડા બાબે ૨૫

બાબ ૭—પાણીસાથે ઝગડો ૨૭

બાબ ૮—ગનામીનોએ જે ઝગડો જમીન સાથે કર્યો હતો તે બાબત ઉપર ૩૩

બાબ ૯—ઝાડપાન સાથે ઝગડો ૩૩

બાબ ૧૦—(ગનામીનોએ) ગાન્યોદાદ સાથે જે લડાઈ કીધી તે બાબત ઉપર ૩૫

બાબ ૧૧—જમીનની હાલતની બાબતમાં ૩૫

પાનું

બાબ ૧૨—પહાડોની પ્રકૃતિની બાબતપર ૩૭
બાબ ૧૩—દરિયાઓની પ્રકૃતિ બાબે ૪૫
બાબ ૧૪—પાંચ જાતના ગેસ્પન્દોની પ્રકૃતિ બાબે ૪૯
બાબ ૧૫—માણસની પ્રકૃતિ બાબે ૫૯
બાબ ૧૬—(માણસ જાતની) ઉત્પત્તિની પ્રકૃતિ બાબે ૬૯
બાબ ૧૭—આતશની પ્રકૃતિ બાબે ૭૧
બાબ ૧૮—જેને ગોકર્ન ઝાડ કરી કહે છે તેની પ્રકૃતિ બાબે... ... ... ૭૫
બાબ ૧૯—અલંકારિક ગર્ધેડા ૭૭
બાબ ૨૦—નદીઓની પ્રકૃતિ બાબે ૮૯
બાબ ૨૧—પ્રવાહીઓ ૯૯
બાબ ૨૨—સરોવરની પ્રકૃતિ બાબે ૧૦૩
બાબ ૨૩—વાંદરા અને રીંછની પ્રકૃતિ બાબે ૧૦૫
બાબ ૨૪—માણસો અને જનવરો (અને) દરેક ચીજની સરદારી બાબે ૧૦૭
બાબ ૨૫—દીનના કામની બાબતમાં ૧૧૩
બાબ ૨૬—હાસર નામનો સાપ ૧૧૯
બાબ ૨૭—ઝાડોની પ્રકૃતિની બાબતપર ૧૨૧
બાબ ૨૮—આહરેમન અને દેવોનાં બૂરાં કામની બાબત ઉપર ૧૩૩
બાબ ૨૯—કેશ્વરી (એટલે કેશવરોની હાકમી) ની બાબત ઉપર ૧૪૩
બાબ ૩૦—રસ્તાખેજ અને ભવિષ્યની શરીરની હાલતની હકીકત બાબે ૧૫૧
બાબ ૩૧—કેઆનીઓના તોખમ અને પુનીઆદની બાબતપર ૧૬૫
બાબ ૩૨—પીશ્રેશ્પના બેશીઓ ૧૭૭
બાબ ૩૩—ઝોરેહોનું કુટંબ ૧૭૯
બાબ ૩૪—બારહજાર વર્ષના જમાનાની ગણુત્રિ ૧૮૩
વધારાનો બાબ—ચીનવદ પુલ અને ગુજરેલાંઓનાં રવાનની બાબત ૧૮૬

દિબાચો.

પહેલવી પુસ્તકોમાં ખુર્દેહરા એવું પુસ્તક છે, કે જેણે યુરોપિયન વિદ્વાનોનું ઘણું ધ્યાન ખેંચ્યું છે. આંકુએ્ઠીલ ડયુ પેરોંએ આજથી તજરીક સવાસો વર્ષ ઉપર ઈ. સ. ૧૭૭૧ માં એનો પહેલ વહેલો તરજુમો ફ્રેન્ચ ભાષામાં કર્યો હતો. ૧૮૫૩ માં ડા. ઉવી-ડીસાએ તેનો જર્મન ભાષામાં તરજુમો કર્યો છે. ૧૮૬૮ માં ડા. ફ્રેડનેન્ડ વુસ્ટીએ તેનો બીજી વાર જર્મન ભાષામાં શબ્દ કોષ સાથે તરજુમો કર્યો હતો. ૧૮૮૦ માં ડા. ઉવેસ્ટે તેનો ઇંગ્રેજીમાં તરજુમો કર્યો છે. એ પ્રમાણે જો કે એ જાણીતી કેતાબનો ત્રણ યુરોપિયન ભાષામાં—ફ્રેન્ચ, જર્મન અને ઇંગ્રેજીમાં—ચાર વખત તરજુમો થયો છે, તો પણ અજબ જેવું છે કે પારસીઓની પોતાની ભાષા, ગુજરાતીમાં તેનો હજુ સુધી સંપૂર્ણ તરજુમો થયો નથી. અલબતે દસ્તુરજી એદલજી દારાબજી જમાસ્પ આશાનાએ ઈ. સ. ૧૮૬૯ માં એનો ગુજરાતીમાં તરજુમો કર્યો હતો, જે તરજુમાની બીજી આવૃત્તિ ૧૮૭૩ માં મી. પેશોતન ફરામજે પ્રગટ કીધી છે. પણ તે તરજુમો, ડા. ઉવેસ્ટ કહે છે તેમ, તરજુમો કરતાં છુટો ભાષાર્થ (paraphrase) વધારે છે. તે તરજુમો તેના કર્તાને ઘણો માનભર્યો છે, પણ તે ખુર્દેહેરાનો બિલ્કુલ સીલસીલાબંદ તરજુમો નથી. તે તરજુમા કરતાં છુટો અર્થ અથવા મતલબ વધારે સમજાવે છે.

ગુજરાતીમાં ત્યારે ખુર્દેહેરાનો સંપૂર્ણ તરજુમો આ પહેલીવાર છે. હું તે એક ઊસ્તાદ તરકિ રજુ કરતો નથી, પણ એક અભ્યાસી તરકિ રજુ કરું છું. ખુર્દેહરા આપણાં પહેલવી પુસ્તકોમાં એક ઘણું અગત્યનું ગણાય છે, કારણ આ દુનિયા અને જરથુસ્તની ઉત્પત્તિ બાબતના અસલી ઇરાની વિચારો તે રજુ કરે છે. માટે આસરે પાંચ વર્ષ ઊપર, મેં વિચાર કર્યો કે આ પુસ્તકનો, તેના તરજુમા માટે નહીં, પણ ખુદ અસલ પહેલવી લખાણ માટે અભ્યાસ કરવો. ફરસુંદે કરેલા તેવા એક અભ્યાસનું આ કામનું પરિણામ છે. આ તરજુમો, જેમ સાધારણ વાચનારને સમજ પડે, તેમ અભ્યાસીઓને ઉપયોગી નિવડે, તેવો બનાવવાની કોશીશ કરી છે. હાલમાં, જ્યારે આપણી યુનીવરસીટીએ, અગરતા પહેલવીનો અભ્યાસ દાખલ કરી, આ પુસ્તકને, પહેલવીના અભ્યાસના એક પુસ્તક તરકિ કબૂલ રાખ્યું છે, ત્યારે તે વિદ્યાર્થી ભાઇઓને ઉપયોગી થઈ પડશે એવી હું આશા રાખું છું. આ મતલબથી તેમાં ઉપયોગી થઈ પડે એવી નોટો આપવાની ખાસ સંભાળ લીધી છે. હાલમાં અભ્યાસનાં પુસ્તકોના જે નોટો સાથેનાં (annotated) પુસ્તકો કહેવાય છે, તેવા એક પુસ્તક તરકિ આ તરજુમો બહાર પાડવાની મેં કોશીશ કીધી છે. પહેલવીનું વાચન હાલપણ અચોકસ છે. માટે વાચતાં તે સામા ઘણીને સમજ પડે એવી રીતે વાચવાનો મેં નિયમ રાખ્યો છે.

આ તરજુમો, મેં વુસ્ટીએ પ્રગટ કરેલા ટેક્સ્ટ પ્રમાણે કર્યો છે. એરવદ માનેકજી રૂસ્તમજી ઊનવાળા પાસેની એક પુરાણી નકલ અને એરવદ એદલજી કેરશાસ્પજી આંટીઆની પોતાની હાથની લખેલી નકલોનો, સરખામણી માટે મેં નોટોમાં ઉપયોગ કર્યો છે. પહેલીને મેં "મા. ઊ." તરકિ અને બીજીને 'એ.આં' તરકિ નોટોમાં જણાવી છે. સેવટના બાબોના તરજુમા વેળાએ રામગુલએાલમાં ડા. દસ્તુર હોશંગજીની એક ઘણી પુરાણી નકલ, જેને D H ના નામથી મેં ઓળખી છે, તેનો, અને એરવદ તેહમુરસ ધીનશાજી એકલેસરીઆની જાણીતી T D નકલની તેવણને હાથે કરેલી એક નકલનો, અને તેવણ પાસેની એક બીજી જુની નકલ, જેને હું T D, તરકિ ઓળખાવું છું, તેની નકલનો, લાભ ભોગવવાને હું શક્તિવાન થયો છું.(૧) જો કે મેં આપ્યા પુસ્તકનો તરજુમો વુસ્ટીના

(૧) ખુર્દેહેરાની આ પુરાણી નકલો લખનારાઓના કુટંબની વંશાવળી માટે જુઓ K. R. Cama Memorial Volume માં મારૂં Introduction p. LXXIII.

ટેક્ષ્ટ મુજબ કાપ્યો છે, તોપણ જ્યારે પાછળથી D H અને T D ની નકલ મારે હાથે આવી ત્યારે પુસ્તીના ટેક્ષ્ટના બાબો ઉપરાંત બીજા અગત્યના ભાગો, જેનો ડા. ઉવિસ્ટે તરજુમો આપ્યો છે, તે ભાગોનો પણ મેં તરજુમો આપ્યો છે. એ ઉપરાંત એક વધુ બાબ, જેને ડા. ઉવિસ્ટ બુનદેહેશના પોતાના તરજુમાના દિબાચામાં T D નો ૩૭ મો બાબ ગણેછે, તેનો પણ મેં તરજુમો આપ્યો છે. આ બાબનો ટેક્ષ્ટ વઠીક આજસુધી છપાઈ બહાર પડ્યો નથી. માટે ગુજરાતી હરફે તેનો ટેક્ષ્ટ પણ આ પેહેલીજ વાર બહાર પડશે. આ બાબનો તરજુમો આપવાનું મેં વધારે જરૂરનું આટલા કાજે ધાર્યુંછે. કે એમાં 'કેરૂદાર' ના સંબંધમા થોડાક તદ્દન નવાજ વિચારો છે. કે જે આજસુધી બીજા કોઇપણ અવસ્તા યા પેહેલવી પુસ્તકમાં જોવામાં આવ્યા નથી. બીજા પુસ્તકોમાં એક માણુસના મરણુબાદ તેના રવાન સામે, તેની કરણીઓનું ચિત્ર, યાને તેની કેરૂદાર, એક સ્ત્રીના રૂપમાં આવેછે. પણ આ બાબમાં તે કેરૂદારને એક બાગના રૂપમાં અને એક બાયના રૂપમાં પણ નજરે પડતી જણાવી છે. ઉપલી નકલો ઉપરાંત નૈસારીના નામ્બર દસ્તુર એદલજી નવરોજીની પાજંદ બુનદેહેશની એક નકલનો પણ મને સરખામણી કરવા માટે લાભ મળ્યો છે. એ સર્વ નકલના માલિક સાહેબોનો, તેઓએ પોતાની નકલો મને વાપરવા આપી તે માટે, મોટો ઉપકાર માનુછું.

ઉપર જણાવ્યા મુજબ, આજસુધી આ પુસ્તકના બે જર્મન, એક ફ્રેન્ચ અને એક ઇંગ્રેજી મળી ચાર તરજુમા બહાર પડ્યા છે અને ગુજરાતીમાં છુટા તરજુમો યા ખુલાસો બહાર પડ્યો છે. તે સર્વનો મેં લાભ ભોગવ્યો છે, તે માટે મારો મોટો આભાર જાહેર કરૂંછું, અને તેમાં વિદ્વાન ડા. ઉવિસ્ટના તરજુમાના ઉપયોગ માટે ખાસ આભાર જાહેર કરૂંછું. ડા. ઉવિસ્ટ જણાવે છે તેમ, આવા આગલા તરજુમાઓ જેમ છેલ્લા તરજુમા કરનારને કેટલીક બાબતોમાં મદદ આપેછે, તેમ તેના કામનો બોજો વધારે છે. જુદા જુદા તરજુમા કરનારાઓ, એક ફકરાને યા શબ્દને કેમ સમજે છે, તેની ખાતરી કરવાની જરૂર રહેછે. એમ સરખામણી કરતાં જ્યાં જરૂરનું દિસ્યુંછે ત્યાં નોટમાં મેં તરજુમો કરનારાઓનો તરજુમો યા ખુલાસો આપ્યો છે.

આ પુસ્તકને જરથોશ્તી દીનની બોળ કરનારી મંડળીના નામ સાથે મેં જોડ્યું છે. આ મંડળીના મારા ભણેલા ભાઇબંદ અભ્યાસીઓની ભલી સંગતમાં મેં ઘણીક સુંદર સાંજો પસાર કરી છે. સને ૧૮૮૪ ના સાલથી હું આ મંડળીમાં જોડાયો છું. તે વખતથી તે આજસુધી તેની પહેલી થી વધુ બેઠકોમાં, મારા કર્મીના અભ્યાસની જુદી જુદી નાની મોટી બાબતો, મેં રજુ કરી છે. તે બાબતો આ મંડળીના મેહલવાલોમાં છપાઈ છે અને છપાય છે. તે બાબતો બરાબર રજુ કરવા માટે તૈયાર થવા કાજે મને બારા કલાકજ ગુપ્તથી પડતી હતી અને મારા અભ્યાસમાં મને ઊંડાટ મળતી હતી. આ મંડળીમાં રજુ કરેલી ઘણીક બાબતો પાછળથી મેં વધારે જાહેર રીતે રજુ કરી છે. માટે આ મંડળીના નામ સાથે મારા આ પુસ્તકને જોડવાને મને ઘણી ખુશી ઊપજે છે.

ખેરાબા, તા૦ ૬ મે ૧૯૦૧.

PREFACE.

It is hoped that this book will be of some use to the students of the Bombay University which has now admitted the Pahlavi Bundehesh in its curriculum. It is for the first time that a complete Gujrati translation of the Bundehesh is published, with transliteration and notes. The text followed is that of Justi. Following Dr. West, I have also translated the chapter on the Family of the Mobeds. I think, we find from this chapter, that Dâtakyia was the name of the original writer of the Bundehesh and that he flourished at the end of the fifth century. I have also translated for the first time in this book a new chapter on the fate of the soul after death. What is new in this chapter is this: that while in the Avesta and other Pahlavi books, the Kerdâr, or the picture of one's actions in this life, is made to appear in the form of a damsel, in this new chapter, it is made to appear also in the form of a cow and in that of a garden. This fact, together with several other facts, leads me to infer that the additional matter found in the lately discovered manuscripts T D, T D$_2$ and D H is the addition of later writers and does not form a part and parcel of the original Bundehesh, whose chapters, like those of the Dâmdâd Nask, on which it was founded, must be 32 only. For the additional chapters I have followed the text of DH kindly placed at my disposal, by its owner Dastur Dr. Hoshang Jâmâsp.[1]

Colaba, 6th May 1901.

---

(1) For the geneology of the writers of TD TD$_2$ and DH vide my Introduction to the K. R. Cama Memorial Volume LXXIII.

INTRODUCTION.

પ્રસ્તાવના.

આ પુસ્તકનું નામ અને બાબત.

આ પુસ્તકનું નામ ખુર્દેહેરા અથવા ખુર્દેહરત પડયું છે. તેનો મતલબ આ કે તેમાં પેદાયશ (દેહરા અથવા દેહરત) ના મૂળ અથવા રાઇઆત (ખુત) ની હકીકત સમજાવી છે. ખ્રિસ્તિઓનાં ધર્મ પુસ્તકોમાં, જે જગ્યા તેઓનું જેનેસીસ (Genesis) નામનું પુસ્તક રોકે છે, તે જગ્યા ઝરિ-થ્રીઓનાં ધર્મ પુસ્તકોમાં, કેટલીક હદે, ખુર્દેહેરા રોકેછે. તેના કેટલાક વિચારો ઘણા અસલ છે, જેનું મૂળ આપણે અવસ્તામાં પણ જોઇએ છીએ. આ પુસ્તકની રાઇઆતમાંજ આ બાબે કહેછે કે એ પુસ્તકની બાબત "જદ આકારા" એટલે અવસ્તાને લગતી સરેહના જ્ઞાન ઉપરથી લીધીછે.

આ પુસ્તકમાં શી શી બાબતો સમાવી છે, તે બાબે પણ રાઇઆતમાંજ કહ્યું છે કે "પહેલે એોહરમજદની મૂળ પેદાયશ ઉપર અને પછી ગનામીનોની હરીફાઈ ઉપર, સૃષ્ટિની રાઇઆતથી તે 'તને પસીન' (યાને રસ્તા બેજ) ની સેવટ સુધીની પેદાયશની હકીકત ઉપર" આ પુસ્તક રચેલું છે.

આ પુસ્તકની બાબતનો સારાંશ.

આ પુસ્તકમાં જુદા જુદા બાબોમાં જે બાબતો આવીછે તેનો ટુક કનિતખાબ નીચે મુજબ છે.

બાબ ૧.—એોહરમજદ, હરબેસ્પ આગાહી અને ભલાઇને લીધે, રોશનીમાં બરોબરીઆ વગ-નો હતો. હદ વિનાની રોશની, એ એોહરમજદનું મકાન છે. દીન એટલે શું? "એોહરમજદની હરબેસ્પ આગાહી અને નહીં બરોબરી થાય એવી ભલાઈ" એ દીન છે. એટલે દીન અથવા ધર્મનું કામ દાદારની આગાહી અને ભલાઇ સમજવાનું છે.

જગતમાં હાલમાં બેઉનો કારોબાર છે. એોહરમજદ બરોબરીઆ વગરનો છે. તે હદવિનાના હમેશના જમાનાનો છે, કારણ કે એોહરમજદ પોતે, તેની જગ્યા, તેની દીન અને જમાનો હમેશ હતો, છે, અને કાયમ રહેશે. તેના કામમાં ખલલ નાખનાર આહરેમન હમેશ હતો નહીં, પણ પાછ-ળથી જાહેર થયો. તે અંધકારમાં હતો. તે હાલ હયાત છે ખરો, પણ તે હમેશ કાયમ રહેનાર નથી.

એોહરમજદે જે પેદાયશ પેદા કરી, તે પેદાયશનો એક ચકરવો જાણે ૧૨ હજારનો યાને ૧૨૦૦૦ વર્ષનો છે. તેની પેદાયશ રાઇઆતમાં ૩૦૦૦ વર્ષ સુધી અસ્પર્શ્ય (intangible) હાલતમાં હતી. ત્યારે ૩૦૦૦ વર્ષ પછી પેદાયશે સ્પર્શ્ય રૂપલીધું, ત્યારે આહરેમને તેમાં ખલલ દાખલ કરવા માંડી. ૩૦૦૦ વર્ષ સુધી તે જીવ જેવી ખલલ દાખલ કરી રાકયો નહીં. પણ પછી ૩૦૦૦ વર્ષ સુધી, યાને છઠ્ઠાથી નવમા હજારા સુધી, તેની ખલલો અવાર નવાર અસર કરવા લાગી, અને ભલાં ભૂંડાંની ભેળાભેળ થઈ. પણ સેવટના ૩૦૦૦ વર્ષમાં, એટલે ૧૦ થી ૧૨ મા હજારામાં, આહરેમન તદન અકાર થઈ પડશે યાને ભૂંડાઇ ઉપર સેવટે ભલાઇ તદન ફાવશે. એોહરમજદ અહુનવરના પવિત્ર કલામ (Word) થી પેદાયશ પેદા કરી રાકયો છે, અને તે શબ્દથીજ આહરેમનની બદકારીને દુર કરી રાકયો છે અને સેવટે કરશે.

એોહરમજદની મીનોઇ પેદાયશમાં પહેલો બહમન હતો. પછી અર્દીબિહેશ્ત, શેહરીવર, સપંદારમદ, ખોરદાદ અને અમરદાદ. એ મીનોઇ અમેશારા પેદા, તે દાદારની જોધીની પેદાયશો ઉપર અમલ કરવા લાગ્યા. આ જોધીની પેદાયશોમાં, દાદારે, પહેલવહેલે આસમાન પેદા કર્યું. એ આસમાન ઉપર બહમન અમલ કરવા લાગ્યો. આસમાનની રોશની એના અમલનું મુખ્ય ઓતર હતું. આસમાન પછી બીજી જોધીની પેદાયશો, જે

દાદારે પેદા કરેલી, તે પાણી, જમીન, ઝાડપાન, ગોસપંદ અને આદમી હતાં. એ સર્વે ઉપર પાસેબાની કરનારા ઉપલા અમેશાસપંદોનાં કામને આડે આવવા, આહરેમને ખલેલો નાખી, અને તે માટે તે અમેશાસપંદો સામે અકોમન, અન્દર, સરવર, નાકહેદ, તારીચ અને જરીચ નામના દેવોને તેણે ઉભા કર્યા.

આ બાબમાં, જેને દ્રિમત કહેછે, તેનું અનુમાન રજુ કરું છે. આ જગતમાં સારૂં અને માઠું બેગાયલું છે. રૂપેનામીનોના વૃદ્ધિ કરનારી શક્તિનું કામ ભલાઈ પાથરવાનું છે. આહરેમન તે સામે ભૂંડાઈ ફેલાવેછે. પણ સેવટે ભલાઈ ભૂંડાઈ ઉપર ફાવશે અને દીનનું કામ આ છે, કે આ પરિણામ જલદીથી લાવવું.

બાબ ૨.—દાદારની પેહેલી પેદાયશ આસમાન હતી. તે આસમાનમાં તેણે સેતારેઓ, ગ્રહો, ચંદ્ર અને સૂર્યને પેદા કર્યા. તેણે ૧૨ રાશિઓ અને ૨૮ નક્ષેતરોની રચના રચી. સેતારાઓની સંખ્યા ૧૪,૮૦,૦૦૦ ની જણાવી છે. એ સેતારાઓમાં તેશતર, સૂતવશ, વનન્ત અને હફતરંગ મુખ્ય છે. પેદાયશની શરૂઆતમાંજ દાદારે તે પેદાયશોનાં કરોહરો રચી રાખ્યાં હતાં. તેમ માણુસનાં પણ કરોહરો પેદા કર્યા હતાં. દાદારે ગોયા તે માણુસોનાં કરોહરોને પુછ્યું કે ૧) તેઓને હમેશાં આહરેમનથી બચાવ ભરેલી હાલતમાં રાખવામાં આવે તે પસંદ? કે ૨) તેઓ શારીરિક હાલતમાં જગતમાં જમ અને ત્યાં આહરેમન, જે મુશ્કેલીઓ નાખે, તે મુશ્કેલીઓ સામે લડે અને તેમાં ફાવે અને પછી અમર થાય તે પસંદ? ત્યારે કરોહરો પાછલો માર્ગ પસંદ કરેછે. આ વર્ણન જરથોશ્તી ધર્મની એક અગત્યની રિવાયતણી જાહેર પડેછે. આ દુનિયામાં માણુસ એક મીપાહ બરોબર છે. તેણે શાંત (passive) જીંદગી કરતાં બૂરાઈ સામે લડવાની ચપળ (active) જીંદગી પસંદ કરવી.

બાબ ૩.—આસમાનને પેદા પેડેલો જોઈ, આહરેમન, પોતાની બૂરી ઇચ્છાઓથી ઊશ્કેરાઈ, દાદારની પેદાયશોમાં ખલલ નાખવાને દોડ્યો. તેણે આસમાન, તેમ પાણી, જમીન, ઝાડપાન, ગોસપંદ માણુસ અને આતશ, એ સર્વેથી મળતાં માણુસજાતનાં સુખમાં કાંઈ નહીં ને કાંઈ ખલલ નાખી. દાખલા તરીકે જમીનપર તેણે સાપ, વીંછુ જેવાં ઝેહેરી જનવરો પેદા કર્યા. આતરાની સુંદર રોશની અને ગરમી સાથે તેણે ધુમાડો ભેળ્યો. આ બાબની મતલબ આ છે, કે તે દાદારની બધી પેદાયશોના ઉપયોગમાં, કાંઈ નહીં ને કાંઈ ખલલ છે. સઘળું સારૂં અને સુમારૂં નથી. માટે તે સઘળી પેદાયશનો બોગવટો બરાબર કરવા માટે માણુસે કોશીશ કરવી જોઈએ, અને તે પેદાયશો સાથે જુદું જોડાયું હોય તે તન અને મનના બળે દૂર કરી તેનો બોગવટો કરવો જોઈએ.

બાબ ૪.—શરૂઆતમાં ગાય ગોસપંદના રવાને અને કુલ કુદરતના રવાને, આ દુનિયામાં, આહરેમનની બૂરી અસરથી, પોતાઉપર આજમ પડતાં જોયો, ત્યારે ઓહરમજદ આગળ ફરીયાદ કીધી. ઓહરમજદે દિલાસો દીધો કે થોડા વખતમાં જરથોશ્તનો જનમ થશે અને તેની રેહબરીથી સઘળું સારૂં થશે.

બાબ ૫.—આ બાબમાં અસલી ઈરાનીહકીકત આપીછે. એ કેશવરોની ગોઠવણ હાલના કટિબંધો(Zones)ની ગોઠવણની થોડીક બરોબરની દિસે છે. આ બાબ અને ૨૫માં બાબ મુજબ, અલબુર્જના તબ્બર નામના પહાડમાંથી, જેને આપણે હાલની ભાષામાં, પેહેલી મધ્યાન રેખા (First Meridian) કહીએ છીએ, તે પસાર થતી જણાવી છે. તેની આજુબાજુ ૧૮૦ રોજીન, જેને હાલની ભાષામાં આપણે અંશ (degree) કહીએ છઈએ, તે છે. ખનીરથનો કેશ્વર હાલનો ઉષ્ણ કટિબંધ Torrid Zone ને મળતો છે.(૧)

બાબ ૬ થી ૧૦.—આપણે આગળ જોયું, કે કુલ જગતમાં, વૃદ્ધિ અને નાશ, ભલાં અને ભૂંડાં વચ્ચે જાણે લડાઈ ચાલેછે. આહરેમન ભલાં સામે ગોયા ઝગડો મચાવે છે. જૂદી જૂદી પેદાયશો સાથે તેનો ઝગડો કેવા પ્રકારનો છે, તે અહીં જણાવે છે. દાખલા તરીકે, વરસાદ, જે ઉપર તેશતર મવકફલ છે, તે દુનિયાને

(૧) જુઓ જરથોશ્તી દીનની ખોળ કરનારી મંડળી સનમુખ આ બાબતપર વાંચેલો મારો વિષય આ મંડળીનો ૨૨) મા વર્ષનો રીપોર્ટ. જરથોશ્તી દીનની ખોળ કરનારી મંડળીનો સને ૧૨૩૮-૩૯ યજદજર્દીથી સને ૧૨૫૮-૫૯ સુધીનાં વીસ વરસનો હેવાલ પાનું ૨૪૧.

આબાદ કરે છે, તો તે સાથે, અપોશ દેવ, જે ગરમી અને સુકારા ઉત્પન્ન કરેછે, તે જંગ મચાવેછે. જમીન ઉપર ધરતીકમ્પ વિગેરેના બનાવથી, તેની સપાટી ફાટી પહાડોનું નીકળી આવવું, જાણે આ ઝગડાનું પરિણામ છે. ઝાડપાનો, જે દુનિયાની આબાદીનું મૂળ છે, તેને સુકવી નાખવાં, તે પણ ઉપલા ઝગડાનું પરિણામ છે.

બાબ ૧૨ થી ૧૪.—આ બાબોમાં અસલી ઇરાની કેશ્વરો, પહાડો અને દર્યાઓનું અને ગોમબંદોના જાતોનું વર્ણન છે.

બાબ ૧૫.—આ બાબમાં માણુસ જાતની પેદાયશ માટેનું વર્ણન છે. પેહેલે દાદારે માણુસનું શરીર પેદા કર્યું કે આત્મા? તો તેના જવાબમાં કહેછે કે આત્મા. તેનું શરીર, બીજી આગળ પેદા થયલી પેદાયશમાંથી ઉત્પન્ન થયું. પહેલું જોડકું, જાણે ઝાડપાનની પેદાયશમાંથી પ્રગટી નીકળ્યું. એ જોડકાએ દુનિયાની નિયામતો ચાખી, અને પેહેલે તે દાદારને તેનો પેદા કરનાર કબૂલ રાખ્યો. પણ પાછળથી આહરેમને, જેમ બીજી પેદાયશોમાં, આગળ વર્ણવવા મુજબ, ઝગડો શરૂ કર્યો, તેમ માણુસની પેદાયશના સંબંધમાં કર્યું, અને તેઓનાં મનમાં બૂરા વિચારો દાખલ કીધા. તેથી માણુસે એ નિયામતોની પેદાયશ આહરેમનને લાયુ પાઠી. આ એક જુદું હતું. તેઓ તે બોલ્યાં અને દોજખને પાત્ર થયાં. તેઓની હાજતો વધતી ગઇ અને તે આહરેમનના બૂરા વિચારોને લીધે હતી. તેઓ પેહેલે વસ્ત્ર વિના ફરતાં, તે હવે વસ્ત્રનાં હાજતમંદ થયાં. પછી તેઓ ગોશતના ખોરાકના હાજતમંદ થયાં. ચામડાંના પોષાકપરથી વણેલા પોષાકો પેહેરવા લાગ્યાં. તેઓએ લોખંડ મેળવ્યું અને તેના હથિયારથી લાકડાં કાપી લાકડાંનાં ઘરો બનાવવાં માંડ્યાં. પછી મશી મરયાનીથી માણુસોની ઘણીક જાતોની વૃદ્ધિ થઇ.

બાબ ૧૬.—આ બાબમાં ફરજંદની વૃદ્ધિ કેવી રીતે થાયછે, અને બેટાનું અને બેટીનું ફરજંદ કયારે થાયછે તે બાબે અસલી ઇરાની વિચારો જાહેર કરેછે.

બાબ ૧૭.—આ બાબમાં જૂદી જૂદી જાતના આતરો યાને ગરમીના રૂપો (Manifestations of heat) વિગેરેનું અને આદર ફરોબા, આદરગુશાસ્પ અને આદરબુર્ઝીન નામના જાણીતા આતરાકદેહોની ઉત્પત્તિનું વર્ણન છે.[1]

બાબ ૧૮.—આ બાબમાં ગોકદ નામનું ઝાડ, જે અમલમાં સઘળાં ઝાડોનું મૂળ ગણવું, તેની હકીકત છે.

બાબ ૧૯.—આ બાબમાં "ત્રણ પગનાં ગધેડા" ના નામનાં એક જનવરનું વર્ણન છે, જે અલંકારિક રીતે કોઈ કુદરતના મોટા બનાવનું વર્ણન દિસેછે. જેમ આકાશમાંની કેટલીક રાશિઓને અસલમાં તેઓના કલ્પિત દેખાવથી, જનવરોનાં નામો આપવામાં આવતાં, તેમ આ બાબમાં દિસેછે. આ અલંકારિક જનવરનાં વર્ણન પછી બીજાં ચરન્દાં અને પરન્દાં પ્રાણીઓનું વર્ણન છે.

બાબ ૨૦ થી ૨૨.—આ બાબો સઘળાં પાણીના સંબંધના છે. તેઓમાં અસલી ઇરાનની નદીઓ અને સરોવરોનું વર્ણન છે અને પાણી અથવા પ્રવાહી પદાર્થ, જે જૂદાં જૂદાં રૂપે જોવામાં આવેછે, તેની હકીકત આપી છે.

બાબ ૨૩.—આ બાબમાં વાંદરા અને રીંછની ઉત્પત્તિની વિચિત્ર દંતકથા દિસેછે, કે જેવી કેટલાંક જનવરોના અને વળી ઝાડપાન અને ફળફળાદીના સંબંધમાં, આપણે બીજી કેટલીક પ્રજાઓના સંબંધમાં પણ જોઇએ છીએ. આ બાબમાં ઘણુંક અલંકારિક છે. કહેવાની મતલબ આ દિસે છે કે બલાએ બૂંડાં સાથે જોડાવાથી તેનું ફળ બૂરું આવે છે.

બાબ ૨૪.—આ દુનિયાની જૂદી જૂદી પેદાયશોમાં, તે વર્ગની ખાસ સર્વથી સરસ જાતની પેદાયશ કેઈ છે? તે આ બાબમાં જણાવ્યું છે. જેમ કે સરસમાં સરસ બકરો તે કયો? સરસમાં સરસ પક્ષી યા મેવો યા અનાજ તે કયાં?

---

(૧) જુઓ મારા ઈરાની વિષયો. ભાગ પેહેલો.

બાબ ૨૫.—આ બાબ અસલી ફરિશ્તાઓની વખ્તની વેહેચણી બાબતના વિચાર માટે અગત્યનો છે. કપીસાની અને જમશેદી નએરોજ બાબતની તકરારમાં આ બાબ ઘણીક રીતે શાહનામા તરફ એક યા બીજી બાજુથી રજુ કરવામાં આવેછે. નાના મોટા દિવશો કયા અને રૂતુઓ શી? તેનું આ બાબમાં વર્ણન છે.

બાબ ૨૬.—આ નાના બાબમાં હાસ્ત નામના અસલી ફરિશ્તા માપની હકીકત છે.

બાબ ૨૭.—જૂદી જૂદી જાતનાં ઝાડપાનો, ફુલો, ફળો, અનાજને વિગેરેની બાબત આ બાબમાં સમાવી છે. આ બાબની સેવટે ફુલોનું વર્ણન છે. તે એક જાતની અસલી ફરિશ્તાઓની ફુલની ભાષા (Language of flowers) રજુ કરેછે. એમાં જૂદાં જૂદાં ફુલોનો, ત્રીસે રોજનું નામ ધરાવતારા જૂદા જૂદા ત્રીસે યઝદો સાથે, સંબંધ દરસાવ્યો છે કે ખોહરમઝદનું ફળાવું ફુલ છે, બહમનનું ફળાવું ફુલ છે. હવે એ યઝદો જેમ જેથીની પેદાયશો ઉપર તેમ માણસ જાતના સદ્‌ગુણો ઉપર મદદકાર છે, તેથી એ ફુલોનો તે સદ્‌ગુણો સાથે સંબંધ છે. ત્યારે તે સદ્‌ગુણોનો સંબંધ, એક જાતની ફુલોની ભાષા રજુ કરેછે.

બાબ ૨૮.—જેમ અસલી ફરિશ્તી યઝદ મંડળમાં અમેશાસપેંદો ઉપરાંત ઘણાક યઝદો છે, તેમ દેવ મંડળમાં ૬ અમેશાસપેંદોની વિરૂદ્ધનાં ૬ દેવો ઉપરાંત બીજા ઘણા દેવો છે. તે દેવોનું કામ શું છે અને તેઓ શું દુષ્કૃત્યો કરેછે તેનું આ બાબમાં વર્ણન છે.

બાબ ૨૯.—અસલી ફરિશ્તાઓ જમીનને હફ્‌ત કેશ્વરમાં વેહેચતા હતા. તે સાતે મુલકોમાં અને બીજા મુલકોના, અસલમાં જે ફરિશ્તા મહાત્માઓ ધર્મ સંબંધી રાહનુમાઈ કરવા હતા, તેઓનાં નામો અને તેઓની હકીકત આ બાબમાં લખી છે.

બાબ ૩૦.—રસ્તાખેજ અથવા કેઆમત અને ફરીંગરદ, એ જરથોશ્તી ધર્મમાં, ભવિષ્યની જીંદગીના સંબંધના વિચારમાં અગત્યનો ભાગ લેછે. તે બાબનું આ બાબમાં લંબાણ વર્ણન છે. ખોહરમઝદને જરથોશ્તથી સવાલ કરવામાં આવેછે કે, જ્યારે ગુજરેલા માણસોનાં શરીરો, હવા, પાણી, આદિ વિગેરે તત્વો સાથે મળી જાયછે, ત્યારે ખોહરમઝદ રસ્તાખેજ વખતે તેઓને પાછાં કેમ ઊભાં કરશે? ખોહરમઝદ જવાબ દેછે કે તે કામ મુશ્કેલ નથી. જ્યારે પેદાયશની શરૂઆતમાં, જ્યારે કાંઇ નહીં હતું ત્યારે, તે, પેદાયશને એક પછી એક ઉત્પન્ન કરી શક્યો, ત્યારે રસ્તાખેજની વખતે ગુજરેલાંઓને પાછાં ઊભાં કરવાનું કામ મુશ્કેલ નથી, કારણ માણસોનાં હાડકાં, લોહી, બાલ વિગેરે શારીરિક પદાર્થો, જો કે ઉપર ટપકેથી જોતાં નાશ પામ્યાં છે, તોપણ ખરેખરાં નાશ પામ્યાં નથી. તેઓ હવા, પાણી વિગેરે તત્વોમાં એક યા બીજે રૂપે હૈયાત છે. તેમાંથી તે, સર્વને પાછાં ઊભાં કરશે.

બાબ ૩૧.—આ બાબમાં પેશદાદીઅન અને કેઆનીઅન વંશના પાદશાહોની વંશાવળી આપીછે. આ બાબ અગત્યનો એટલા માટે છે કે તે કેટલીક બાબતમાં શાહનામાની એક પુરવણી મિસાલે છે. શાહનામામાં કેટલાક પાદશાહોના મરણપણા વચ્ચે આળા દિસેછે તે આ બાબથી પુરાય છે.

બાબ ૩૨—૩૩.—આ બાબોમાં પેગમબર જરથોશ્તના બાનદાનની અને અસલી ફરિશ્તના મોબેદોનાં બાનદાનોની વંશાવળી આપી છે.

બાબ ૩૪.—આ બાબમાં ફરિશ્તાનાં રાજ્ય કરી ગયલાં વંશોના, અને તેમાં મુખ્ય કરી પેશદાદીઅન અને કેઆનીઅન વંશોના પાદશાહોનાં રાજ્યનાં વર્ષો આપ્યાં છે. એ વર્ષો, જે શાહનામું, જમાશપી વિગેરેમાં પણ આપ્યાં છે તે સાથે સરખાવવા માટે અગત્યનાં છે. (જુઓ મારી અવસ્તાનાં વિશેષ નામોની ફરહંગમાં, સેવટે આ બાબતનો કોઠો.)

વધારાનો બાબ.—આ બાબમાં ગુજરેલાંઓ જે ચીનવદ પુલપરથી પસાર થાયછે તેને લગતી બાબત છે, કે જે બાબત વંદીદાદ, હાદોખ્ત નુસ્ક, વીસ્તાસ્પ યશ્ત, મીરાફનામું, મીનોગેરદ, રાદસ્તાને ધીની વિગેરેમાં પણ આવેછે. પણ આ બાબમાં આ બાબતના સંબંધમાં અગત્યનો વધારો આ છે કે જ્યારે

ઉપલા પુસ્તકોમાં માણસની કેરદાર યાને કરણીને ત્રીજી બામદાદે, મરનારની મનમુખ એક સ્ત્રીના રૂપમાં આવી ઊભી રહેતી જણાવી છે, ત્યારે આ બાબતમાં સ્ત્રી ઉપરાંત, એક બાગના રૂપમાં, અને એક ગાયના રૂપમાં પણ તેણીને આવી ઊભી રહેતી જણાવી છે.

ખુનદેહેરા અસલમાં એક પુરાણી કેતાબ.

ખુનદેહેરા કેતાબ, હાલ જેમ આપણને મળે છે તેમ, એક હાથ લખાયલી નથી. તેમાં અવાર નવાર જૂદે જૂદે હાથે લખાણો થયાં છે. તે અસલમાં પુરાણી છે, પણ પાછળથી તેમાં વધારો થયો છે.

તે પહેલે ક્યારે લખાઈ હતી તે ચોકસ નથી. એ એક પુરાણી કેતાબ છે એમ મનાતું આવ્યું છે. કાંઈ નહીં તો તેમાં સમાયેલી બાબતો ઘણા પુરાણા વખતમાં અવસ્તામાં લખાઈ હોય, અને ત્યારપછી તે અસલનો, અથવા અસલના કોઈ મોટા ભાગનો, પહેલવીમાં તરજુમો થયો હોય, એ સંભવિક છે. એ અસલ પહેલવીમાં પાછળથી થોડો થોડો વધારો થયો હોય એ પણ સંભવિક છે.

ખુનદેહેરાનું મૂળ દામદાદ નુસ્ક—આ પહેલવી કેતાબનું અસલ મૂળ કોઈ અવસ્તા કેતાબ હોય એવા પારસી વિચારને મરહુમ દસતુરજી એદલજી દારાબજી જમાસપજી પોતાની ખુનદેહેરામાં નીચલા શબ્દોમાં, જાહેર પાડેછે, જે શબ્દો તેવાનુંજ ફર્માયતમાં આપેલું. "કેતાબ પહેલવીમાં ખુનદેહરને નામની "છે. જેહવારેકે આપડા પેગમબર શાહેબ જરથોશ્ત હકની દરગાહથી (૨૧) શે નસાક લાવા હતા. બાદ- "શાહ ગોશતાશપની બાદશાહીનાં વખત ઊપર તે (૨૧) શે નસાકમાંહાંથી પેગમબર શાહેબ જરથોશતના "શાગિરદોએ દાદાર હોરમજદની પેદાયશની શરૂઆતથી તે કએમએમતના તલકની હકીકતો તમામ "ચુંટી કાહાડી તેહની (૨) કેતાબ પહેલવીમાં બનાવી હતી. તેહનું નામ ખુનદેહરાને પાડીઉં હતું."[૧]

દસતુરજી એદલજી કહેછે તેમ પહેલવી ખુનદેહેરાનું અસલ મૂળ કોઈ યુમ થયલું અવસ્તાનું નુસ્ક હોવું જોઇએ. ડા. ઊવેસ્ટ[૨] કહેછે તેમ તે 'દામદાદ' નામનું નુસ્ક હોવું જોઇએ. દીનકર્દ મુજબ દામદાદ નુસ્ક ૨૧ નુસ્કોમાંથી ચોથું નુસ્ક હતું.[૩]

દીન વજર કર્દ પ્રમાણે તે પાંચમું નુસ્ક હતું. એ પહેલવી કેતાબ પ્રમાણે અને રેવાયતો પ્રમાણે આ નુસ્કનું બીજું નામ દવાજદ્દે હમારત હતું, યથા અહુવઇર્યોના ૨૧ શબ્દોના નામથી. આ ૨૧ નુસ્કોને, આ કેતાબ અને રેવાયતોમાં ઓળખવામાં આવેછે. તે મુજબ યથાઅહુવઇર્યોના પાંચમા શબ્દ રતુરાને મળતું આ દામદાદ નુસ્ક હતું. એમ દીન વજર કર્દ જણાવે છે. જૂદી જૂદી રેવાયતોમાં એના અનુક્રમ બાબે ફેર છે. બહમન પુંજ્આ (ઇ. સ. ૧૬૨૭)[૪] ની રેવાયત મુજબ તે ચોથું નુસ્ક છે. કામા બેહરામની રેવાયત એને પાંચમું નુસ્ક જણાવે છે. નરીમાન હોશંગ (ઇ. સ. ૧૪૭૮) ની રેવાયત મુજબ પણ એ પાંચમું નુસ્ક છે. અર્જન કામદીન (ઇ. સ. ૧૬૧૪ થી ૧૬૪૬) મુજબ પણ એ પાંચમું નુસ્ક છે. દીનકર્દના લખાણને આપણે વધારે વજન આપવું જોઇએ. ત્યારે તે પુસ્તક મુજબ, બહમન પુંજ્આની રેવાયત એને ચોથું પુસ્તક ગણેછે, તે બરાબર છે.

---

(૧) દિબાચો પા. ૪-૫. (૨) S. B. E. Vol. V. West. Introduction XXIV.

(૩) અવસ્તાનાં ૨૧ નુસ્કોના પેહેલવી દીનકર્દે (દફતર ૮ બાબ ૧ ફ. ૧૦ ઊવેસ્ટ) ત્રણ ભાગ કીધા છે. ૧) ગાથાનાં નુસ્કો. ૨. હધ માઝ્રનાં નુસ્કો અને ૩. દાતનાં નુસ્કો. એ ત્રણમાંથી બીજા પ્રકારનાં નુસ્કો એટલે હધ માઝ્રના વર્ગનાં નુસ્કોમાં દામદાદ નુસ્ક આવેછે. બચી રહેલાં નુસ્કના અવસ્તાના ભાગ અને તેની પેહેલવી હકીકતની કેટલીક સરખામણી ઊપરથી ડા. ઊવેસ્ટ ગણત્રિ કરેછે કે એ નુસ્કના અસલ અવસ્તાના પુસ્તકમાં આસરે ૮૯૦૦ અવસ્તાના શબ્દો હોય અને તેની અસલ પેહેલવીમાં આસરે ૨૯૩૦૦ શબ્દો હોય. (S. B. E. XXXVII. West. Introduction p. XLV.)

(૪) આ તારીખો આ ધર્મગ્રંથોના જવાબો લાવ ઈરાનથી પાછા ફરવાની છે.

ખુનદેહેશનું મૂળ દામદાદ નુસ્ક તેની સાબિતીઓ. ૨. પહેલી સાબિતી. પુસ્તકોનાં નામોના અર્થ—હવે ખુનદેહેશનું મૂળ ડા. ઉવેસ્ટ કહેછે તેમ દામદાદ નુસ્ક હોય તે અનુમાનના ટેકામાં કેટલીક બાબતો રજુ કરી શકાય.

૧. પહેલું તો હું ધારૂં છું કે ખુનદેહેરા અથવા ખુનદેહરને અને દામદાદ શબ્દોમાં તેઓના અર્થ પ્રમાણે, કેટલું ઘણું મળતાપણું છે. ખુનદેહેરા અથવા ખુનદેહરન શબ્દનો અર્થજ દેખાડે છે કે તેમાં 'દેહરા અથવા દેહેરને,' એટલે પેદાયશની બાબત છે. તેજ મુજબ દામદાદનો અર્થ પણ દેખાડે છે કે તે 'દામ' અથવા 'પેદાયશ'ની બાબત ઉપર છે. "ખુનદેહેરાને" નો અર્થ 'પેદાયશનું મૂળ' થાય. તેમ 'દામદાદ' નો અર્થ 'પેદાયશનો કાયદો અથવા તરીકો' થાય. એ દામદાદ નુસ્કનું બીજું નામ દીનકર્દમાં "દેહેરને એ જોતીદાદ" છે, જે નામ પણ "ખુનદેહેરને" નામ સાથે તેનું વધુ સરખાપણું દેખાડેછે.

૨. બીજી સાબિતી. બાબતોનું મળતાપણું.—આ યુમ થયલા દામદાદ નુસ્કમાં સમાયલી બાબતોની હકીકત જે પાછળનાં પહેલવી ફારસી લખાણોમાં બચી રહીછે, તેને ખુનદેહેરાની બાબતોની હકીકત સાથે સરખાવતાં માલુમ પડેછે, કે આ બેઉ પુસ્તકોમાં લખાયલી બાબતો મોટે ભાગે સરખી છે. આ યુમ થયલાં દામદાદ નુસ્કમાં શું શું બાબતો સમાયલી હતી, તેનો ટુંક ઇતિહાસ, સરખામણી કરવા કાજે, આપણને ઘણુ ઠેકાણે મળેછે. (ક) તે મુખ્ય કરીને દીન કર્દના આઠમાં દફ્તરમાં મળેછે.[૨] (ખ) તે દીન વજર કર્દ નામના પુસ્તકમાં મળેછે.[૩] (ગ) અને તે રેવાયતોમાં મળેછે, જેમાં તે દીન વજર કર્દને આધારે લીધેલી દિસે છે.[૪] દામદાદ નુસ્કમાં શું બાબતો સમાયલી હતી તે બાબેના દીનકર્દના, દીન વજર કર્દના અને રેવાયતોના ફકરા આપણે અહીં તપાસીશું, કે તે ઉપરથી જોવાને અને કે દામદાદ નુસ્ક, ખુનદેહેરાનું મૂળ કેટલી હદ છે.

(ક) દીનકર્દને આધારે દામદાદ નુસ્કની બાબત.—દીનકર્દના આઠમાં દફ્તરમાં નુસ્કોની બાબત આવી છે. તેમાં દામદાદ નુસ્ક બાબે નીચલો ફકરો મળેછે, જે દેખાડે છે, કે તેમાં ખુનદેહેરાની માફક પેદાયશની ઉત્પત્તિ તે લગતી બાબત હતી. આ ફકરામાં પહેલાજ વાક્યમાં આપણને 'દામદાદ'માટે નો બીજો બીજો શબ્દ મળે છે કે 'દામદાદ' તે "યેહબુન્તને દામ", એટલે "પેદાયશનું આપવું અથવા ઉત્પન્ન કરવું." ઘરાની 'દાદ' ને બદલે આ શબ્દોમાં આપણે સેમેટીક 'યેહબુન્તન' જોઇએ છીએ.

[illegible] (૪).

(૧) S. B. E. XXXVII. West. p. 8, Bk. VIII., Ch. I. 16.
(૨) S. B. E. XXXVII. West. p. 13, Bk. VIII., Ch. V.
(૩) Ibid. p. 439. (૪) Ibid. pp. 418, 420, 427, 433.
(૫) એ. તેહમુરસની તકલ. દ્વોલીઓ ૩૭૭.

LIBRARY OF THE BOMBAY BRANCH ROYAL

દામદાદ મીઆન માદીગાન મદમ કુનશ્ન દાશ્તારીઅ વ યેહબુન્તન દાખે પાહલુમ. કૂર્દુમ પવત મીનોઈ-અ વ મન્દ ચેગુન દાશ્તની પવન મીનોઈ વ ઘદને અજ્જરા ગેતી ચીહરીનીતી[૧] વ માખ્તે વલ દવન અખ્મે—બદતીક કુરાશને કુતુદન[૨] વ રાહનીદન પત્વસ્તે શાસ્તને વલ કૂર્દુમ નીકઈ અઇબિદ્દીગીઅ વ રસ્તે[૩] વ આઝનીન દામ દેહશ્નીઅ અવ્શાન ગેતી વ તોખ્મે વ મરતિ ચેહર વ કાર વ મેમન દવન હમાખ્યા વ ચિમ વલ મેમન દેહશ્નીઅ વ અકુદુમ વલ મેમન રસરનીઅ વ મદમ જક દામ પરસ્તાર વ વજ્જન્દ વ હનાકીઅ અવરા નેહુન વ ચાર અવજનેરે મદમ વાનીદન અવસાઝનીદન બોખ્તન વ અવીજારીનીદન[૪] દામ અજ્જરા. આહલાયરા આવાદીઅ પાહલુમ અખ્મેત આવાદીઅ.

અર્થ—દામદાદ નુસ્કની અંદર કામની જાળવણી અને ચડતી પેદાયશની ઉત્પત્તિ બાબે વર્ણન (છે). પેહેલું મીનોઈ હાલત બાબે, અને કેટલું અને કેવી રીતે મીનોઈ હાલતમાં રહેવા બાબે, અને તેમાંથી ગેતીનું લાયક બની અને તમામ બની ઉત્પન્ન થવા બાબે, અને આહરેમનને મારવાની બાબતમાં વિચાર કરી બોલવા બાબે, અને આહરેમંદીના જોરને સેવટે હાંકી કાઢવા (રાહનીદન) ને હમેશાં શક્તિવાન થવા બાબે, અને પેદાયશની ઉત્પત્તિના માર્ગ અને તરીકા બાબે, અને તેમ્માની દુનિયાઈ (હાલત) બાબે, અને તોખ્મ અને જાતના મૂળ અને ઉપયોગ બાબે, અને બીજી બાબત ઉપર જે બી કાંઈ હોય તે બાબે, અને પેદાયશ શા કાજે છે અને સેવટે તેનું ક્યાં પોહોંચવું છે તેનાં કારણ બાબે, અને તે પેદાયશને નુકસાન અને દુઃખ અને હલાકી (પહોંચે છે તે) બાબે, અને તેના ભેદ અને ઇલાજ અને ઉપાય બાબે, અને તે (નુકસાન વિગેરેને) મારી હટાડવા અને નારા કરવા બાબે, અને પેદાયશને તે (દુઃખ) થી છોડાવવા અને નુકસાન વગરની કરવા બાબે (આ દામદાદ નુસ્કમાં વર્ણન છે). અશોઈની આબાદી બે પેહેલા પ્રકારની આબાદી છે.

દીન વજર કર્દને આધારે દામદાદ નુસ્કની બાબત.

દીન વજર કર્દને આધારે દામદાદ નુસ્કની બાબત.—દીન વજર કર્દમાં દામદાદ નુસ્ક બાબે નીચલો ફકરો મળે છે.

[illegible]

(૫)

---

(૧) [illegible] to qualify. (૨) ફા. [illegible] to spek with premeditation. (૩) ફા. رستن (૪) [illegible] અને ફા. زار affliction.

(૫) દીન વજર કર્દ કેતાબ વજર કર્દ દીની નામે જણાયલી કેતાબથી જૂદી છે અને તે હાલમુંથી ફકત દસ્તુરજી ડા. હોસંગજી જમાસ્પજી પાસેજ જણાયલી છે. તેમાંથી દસ્તુર કેકોબાદ આદરબાદે ઊપલો ફકરો મેહરબાની કરી મારે માટે ઊતારી મોકલ્યો છે. આ ફકરાની ઈબારત દેખાડે છે કે રેવાયતમાં દામ-દાદ નુસ્કની બાબતનું જે વર્ણન છે તે આ કેતાબને આધારે છે. આ પેહલવી અને રેવાયતના ફારસી ફકરા લગભગ મળતા છે.

પન્જુમ નુસ્ક રતુશ દવાજ્દેહ હોમાસ્ત. કદૂં એ જક નુસ્ક પીરતો દો હુમન્દ. દયન જક નુસ્ક હમાક ચીમે મીનોઈ ગરૂતમાનીઅ. નીએંઆકાઅ એ સરીતરીઅ એ ગેતીક[૧] વ દેતમન ગીહાનીઅ વ મદમ આસ્માન વ મદમ જમીક વ કોલા મનદવમ મુન એંહરુમજદ બરેહીનીદ દયન મય વ આતરા વ એંવિર હુમન્દ, વ મદુમાન એહાર પામાન ફરાજ રફતારાન વ વાઇનન્દગાત વ કોલા મનદવમ મુન મિન આવ હમબરેહીનીદ વ દ્રો એ કોલા મનદવમીહા. દેદીગર જક મુન રસતાખીજ વ તન પસીન કદૂંન ચીનવદ[૨] વદર્ગ હસ્રસશને વ જવીતાક કદૂંન વ મદમ કેરેફકારાન પાત દેહશને વ મદમ વિનાસકારાન પાદ ફરાસ ગેહવુન્દ પવન તને પસીન હમ અમ્મેદુન એયુન હુમન્દ.

અર્થ—પાંચમું નુસ્ક રતુશ (અથવા) દવાજ્દે હોમાસ્ત (છે). એ નુસ્કના ૩૨ કદૂં છે. તે નુસ્કમાં સમણી (નીચલી) બાબતો (છે). મીનોઈ અને ગરોથમાની હાલત, ગેથીની અને આએ જેહાનની નેકી અને બદી, અને આસમાન ઉપર અને જમીન ઉપર દરેક ચીજ જે એંહરુમજદે પેદા કીધી હોય (અને જે)પાણી અને આતશ અને ઝાડપાનમાં હોય; અને માણસો અને ચોપગાં અને પરન્દાં અને દરેક ચીજ જે પાણીમાંથી પેદા કીધી હોય અને દરેક ચીજની બાસિયતો. બીજું તે કે જે રસતાખેજ અને તન પસીનનું ઉત્પન્ન કરવું છે, અને ચીનવદ (પુલ)ના રસ્તાને પહોંચવું અને તેનાથી છુટા પડવું છે અને સવાબકારોનો બદલો ઉપર અને ગુનેહગારોની સજા ઉપર છે. તને પસીનને લીધે આ મુજબની બાબતો (બને) છે.

રેવાયતને આધારે દામદાદ નુસ્કની બાબત— દારાબ હોરમજદયારની રેવાયતમાં નુસ્કોની હકીકત બાબે જુદીજુદી રેવાયતોમાંથી જે સાર આપ્યો છે, તેમાં કામા ઓહરાની રેવાયતમાંથી દામદાદ નુસ્કની હકીકત બાબે નીચલો સાર મળે છે. બોંબે યુનીવરસીટીની દારાબ હોરમજદયારની રેવાયત જે ૧૬૭૯માં લખાઈ છે તેમાંથી હું નીચલો ફકરો આપું છું.(૩)

(૪) (૫)
پنجم نامش دوازده پاسات است و تفهیم این کتاب در امداد است و
این کتاب سی و دو کرده است کر بارچ سبحانر تعالي فرو فرستاد در ذکر بدي
خلق عالم علوي وعالم سفلي و صفت جمع آن و آنچر حق سبحانر و تعالي یاد
کرد در آسمان و زمین و آب و اورور و آتش و مردم و چهارپاي و چرنده و فرنده
و آنچر بیآفرید در منفعت والات آن و مثل این دیگر قیامت یعني رستخیز و
صراط و گرد کردن و پراگنده کردن و چگونگي احوال قیامت از نیک کرداران و بد
(٤)
کرداران بسنگ بر عمل کر در نیک بد کنند

---

(૧) ગેતીક જો 'વ' ને શબ્દની સાથે લેખો તો કદાચ 'વહીસ્તીક' એટલે 'બેહેશ્તી' માટે હોય, એટલે બેહી જેહાનની.' (૨) મને મળેલા ફકરામાં આ શબ્દ ચીનાવ્ર છે જે દેખીતી રીતે ચીના વાર્ઝ નો બિગડેલો આકાર છે. કારણ કારસી રેવાયત, જેમાં આ ફકરો મોટે ભાગે દીન વજર કદૂં મુજબ છે. તેમાં આ શબ્દની જગ્યાએ ચીનવર શબ્દ છે જે ચીનવદ પુલને અર્થે વપરાય છે અને જે નામથી ઈસ્લામી ધર્મમાં પણ એક ચીનવદ પુલના જેવો પુલ યા માર્ગ જણાયલો છે.

(3) Fragmens relatifs a la religion de Zoroaster par Mohl. et Olshausen નામના ૧૮૩૯ માં છપાયલા નાના પુસ્તકમાં પણ એ નુસ્કો બાબેના ફકરાઓ પ્રગટ થયાછે.

(૪) Olshausen et Mohl, p. 12. પ્રમાણે explanation ખુલાસો. (૫) ડા. ઊવિસ્ડ, 'દામદાદ,' સૂચવેલે.

(૬) Revayet of Dârâb Hormazdyâr in the Bombay University Library, f. 109a.

અર્થ—પાંચમા (નુસ્ક) નું નામ દવાજદે હોમારત છે અને આ કેતાબની મહમજ (ખોદાની) મદદ-માટે છે. (૧) અને આ કેતાબના ૩૨ ફરદા છે અને તે આરાધણાને લાયકના ખોદાતાલાએ ઊપરની દુનિયા અને નીચેની દુનિયાની પલકની ભલાઈ અને ભૂંડાઈનાં વર્ણનને માટે નીચે (એટલે આ દુનિયામાં) મોકલી છે. અને તે સઘળાંનું, અને આરાધનાને લાયકના ખોદાતાલાએ આસમાન અને જમીન અને પાણી અને ઝાડપાન અને આતશ અને માણસ, અને ચોપગાં અને ચરનારાં જનવરો અને પક્ષીઓ બાબે, જે કોંઈ યાદ કર્યું અને જે કાંઇ તેઓના ફાયદાને માટે અને તેઓના ઊપયોગનાં સાધનો તરીકે પેદા કર્યું છે, તે બાબત ઊપર, અને આના જેવી બીજી બાબત ઊપર તેમાં વર્ણન છે. બીજું કીમામત એટલે રસ્તાબિજ (૨) અને ચીનવદ પુલ અને સઘળું એકકું કરવું અને બીજી નાંખવું અને કેઆમતના એહવાલની પ્રકૃતિની બાબત અને ભલું કરનારા અને ભૂંડું કરનારા ભલા ભૂંડાના સંબંધમાં જે કાંઈ કરેછે તેની અગત્યતા ઊપર (આ પુસ્તકમાં વર્ણન છે).

અસલ દામદાદ નુસ્કમાં સમાયલી બાબતો, જે ઉપલા ત્રણ ફકરાઓમાં જણાવી છે, તેને બુનદેહેશ-માં સમાયલી બાબતો, જેનો સારાંશ ઊપર આપ્યો છે, તે સાથે સરખાવી જોતાં, વધારે ખુલ્લું દિસેછે કે દામદાદ નુસ્ક આ બુનદેહેશ પુસ્તકનું મૂળ હોવું જોઇએ.

૩. ત્રીજી સાબિતી. બુનદેહેશને મળતા જાદસ્પરમ પુસ્તકમાં દામદાદ નુસ્કનું નામ.

બુનદેહેશનું મૂળ દામદાદ નુસ્ક હોવું જોઇએ, તેની એક બીજી સાબિતી ડા. ઉવેસ્ટ રજુ કરેછે. તે નીચે મુજબ છે. જાદસ્પરમના નામથી ઓળખાતી કેતાબ, જે જાદસ્પરમ નામના હેરબદ ઇ૰ સ૰ ની નવમી સદીની સેવટે લખેલી દિસેછે, તેમાં કેટલીક બાબત બુનદેહેશની બાબતોને મળતી છે. તેની કેટલીક ઇબારત બુનદેહેશને મળતી છે. નીચે તેના થોડાક દાખલા રજુ કરૂં છું. બુનદે-હેશની ઇબારત આ પુસ્તકમાં ઉતારી છે તેનો અર્થ આ પુસ્તકમાં આપ્યો છે, તેથી અહીં ફરીથી એલાવંદા આપ્યો નથી. જાદસ્પરમની ઇબારત એ. તેહમુરસ દીનશાજી અંકલેસરીઆએ મેહેરબાની કરી વાપરવા આપેલી એક નકલ ઉપરથી ઉતારી છે. તેનો અર્થ તેની નીચે આપ્યો છે.

૧. બુનદેહેશ.—ચેગુન ફરાજ વદર્દ ઓવેર ચીહરક રાએ મિન હમ અન્દામે તોરા પન્જ વ પંજ સેંદ ગોતોક દવાજદેહ સર્દે ઓવેર બએસરાજ મિન જમીક ફરાજ વખ્શીદ (બાબ ૧૦ ફ. ૧ પાનું ૩૪).

જાદસ્પરમ.—ચેગુન તોરાએ અયોક દાદ વદર્દ મિન જક ચેગુનીએ એ ચીહરકે ઓવેરીક દાશ્ત (૩) પન્જ વ હફ્ત સર્દે ગોતોક વ દવાજદે સર્દે ઓવેરે બએસરાજ મિન અન્દામ અન્દામ વખ્શીદ હુમન્દ ચેગુન વીનન્દ અયોક અયોક મિન કતાર અન્દામ દયન દામદાદ પએમતાક (૪)

અર્થ.—જ્યારે પેહેલે ઉત્પન્ન કરેલો ગોધો યુજર પામ્યો (ત્યારે) ઝાડપાનનું બીજ, જે તે ધરાવતો તેની ખાસિયતથી ૫૦ જાતનાં અનાજે અને ૫૨ જાતનાં દવાઇનાં ઝાડો તેના શરીરના ભાગોમાંથી ઉગી નીકળ્યાં. દરેક જાત કયા ભાગમાંથી નીકળેછે તે બાબે દામદાદ (નુસ્ક)માં જણાવેલું છે.

૨. બુનદેહેશ—અરપ હફ્ત સર્દે. સપેદ સ્યાહ, જર્દ, ખોર, કુમઇત, તાજી પારસી અસ્તર ખરી ગોર અસ્પે આવિ અવરે અરપ સર્દે ગાન. ગમલા દો સર્દે કોહ ચરા અર્જનની મેમન અયોક પવન કુક શાયદ દાશ્તન અયોક પવન દશ્ત અએત અયોક કોફ દુ કોફ (બાબ ૧૪ ફ. ૯ અને ૭ પાનું ૫૩ અને ૫૨).

---

(૧) 'દામદાદ' ને બદલે ભૂલથી આ શબ્દ 'દર ઈમદાદ' લખ્યો છે એમ ડા. ઉવેસ્ટ ધારે છે.

(૨) 'અલ સરાત' નામના ઈસલામી પુસ્તકોમાં પણ એક પુલ છે, જે ચીનવદ પુલને મળતો છે. સરાતનો અર્થ 'રસ્તો.''

(૩) નકલમાં ગ્ર છે જે . ગ્ર ને બદલે ભૂલથી છે.

(૪) એ. તેહમુરસની નકલ પા. ૪૯૨ લીટો ૧૦

જાદસ્પરમ.—મિન હમ સંદેહા ચેચુન પવન દામદાદ દેગાન હુરમોદ અવમ દયન નાપીક તોખ્મે હુરમોરસની અહનગર્દીક નપીશત. દેતમન જીનાક હનૂગર્દીક આઈ અખ્મેતે નુમાઇખ્મિત મદમ સંદ અસ્પાન ફરુંમ તાજીક વ અવરાન રદ સપીદ જરદુશ્ર. દેદીગર પાર્સીક વ અસ્તર વ ખ્યા વ ગુર વ અસ્પે આવીક વ અવારીક. વ ઉશ્તોર મદિવર દો. દશ્ત કુફ દોગાને કુફ.

અર્થ.—સઘળી જનો દામદાદ (નુસ્ક) માં વિગતવારે ગણુલિથી જણાવી છે, તેથી મેં આ લખાણમાં તેખ્મેની ઉત્પત્તિનું વર્ણન ટૂંકમાં લખ્યું છે. આ જગ્યાએ તેનો સાર આ છે કે ઘોડાની જાતની (બાબત) ઉપર દેખાડયું છે કે પેહેલી (જાત) આરબ (છે) અને તેનો સરદાર (એટલે તેની સરસ જાત) સફેદ, પીળા કાનવાળો (ઘોડો છે). બીજી જાત ઇરાની (છે અને પછી) ખચ્ચર અને ગધેડા અને ગોરખર અને દયાઈ ઘોડા અને બીજા ઘોડા. અને ઊંટમાં મુખ્ય બે (છે. એક) જંગલનું (અને બીજું) પહાડી બે ખુંધવાળું.

આ ફકરાઓની સરખામણી ઉપરથી દિસેછે કે તેઓની ઇબારત કેટલેક દરજ્જે મળતી છે. એટલુંજ નહીં, પણ જાદસ્પરમની બીજી કેટલીક બાબતો ખુર્દેહેરાની બાબતોને મળતી છે. તેનો રાઇઆતનો ભાગ, જેનો ડા. ઉવેસ્ટે ૧૧ બાબ કરી તરજુમો આપ્યો છે, તેની બાબત અને ખુર્દેહેરાના રાઇઆતના બાબાની બાબત કેટલેક દરજ્જે મળતી આવેછે. હવે આ ખુર્દેહેરાને મળતી જાદસ્પરમની બાબતમાં દામદાદ નુસ્કનો હવાલો આપ્યો છે કે તેમાં એ બાબત વધારે વિગતે જાહેર કરેલી છે. ત્યારે દિસે છે કે આ જાદસ્પરમનું મૂળ, તેમ ખુર્દેહેરા, જેની બાબત પણ તેને મળતી છે, તેનું મૂળ પણ દામદાદ નુસ્ક હોય.

ડા. ઉવેસ્ટ ધારે છે કે જાદસ્પરમના લખનારે ખુર્દેહરાનો ઉપયોગ કર્યો હોય. ડા. ઉવેસ્ટ કહે છે કે, "Zâd-sparam uses in many places, precisely the same words as those employed in the Bundahis, interspersed with much matter written in a more declamatory style; it is, therefore, evident that he had the Bundahis before him to quote from"[1]—પણ હું ધારૂંછું કે જાદસ્પરમની સામે દામદાદ નુસ્કના સારનુંજ કોઈ પેહેલવી પુસ્તક હોય. જો જાદસ્પરમ સામે ખુર્દેહેરા હતો. અને જો તેણે તેનો ઉપયોગ કર્યો હતો, તો તે ખુર્દેહેરાનું નામ દેતે અને દામદાદ નુસ્કનું નામ નહીં દેતે. એમવું દિસેછે કે બેઉએ દામદાદ નુસ્કના કોઈ પેહેલવી સારાંશનો ઉપયોગ કર્યો હોય. ગમે તેમ હોય, પણ ખુર્દેહેરા અને જાદસ્પરમની કેટલીક બાબતોની સરખામણી દેખાડે છે, કે ખુર્દેહેરાનું મૂળ દામદાદ નુસ્ક હોય કે જે નુસ્કનું નામ, જાદસ્પરમ, જે બાબતો ખુર્દેહેરા અને તેના પુસ્તકમાં સામાન્ય છે, તે બાબતોના વર્ણનમાં, પોતાના આધાર તરીકે લે છે. આ લખનાર પોતાના આ ખુર્દેહેરાને મળતાં લખાણમાં દામદાદ નુસ્કનું નામ વાપરેછે અને તેનો હવાલો આપેછે, તે બે જગ્યાએ કહેછે કે "દયન દામદાદ પર્મેતાક" "પવન દામદાદ દેગાન હુરમોદ" એટલે "દામદાદ (નુસ્ક) માં જણાવેલું છે" "દામદાદમાં વિગત વારે ગણુલિથી જણાવ્યું છે." આ ઉપરથી ખુલ્લું દિસે છે કે તેના પોતાના લખાણનો આધાર તેણે દામદાદ નુસ્ક ઉપર રાખ્યો હોય. ત્યારે ખુર્દેહેરા, જેની ઇબારત પણ જાદસ્પરમને મળતી છે, તેનું મૂળ પણ દામદાદ નુસ્ક હોવું જોઇએ.

ખુર્દેહેશનો લખનાર.—આ પુસ્તકના ૩૩ માં બાબમાં ઇરાનના જાણીતા મોબેદ કુટુંબોની વંશાવળી આપીછે. તેમાં આ પુસ્તક લખનાર પોતાનું નામ અને વંશાવળી નીચે મુજબ આપેછે અસલ ઇબારત D.H. મુજબ હું આપુંછું.

[illegible] (2)

1 S. B. E. V. West. Introduction, p. XLVII.

(૨) D.H. માં [illegible] છે પણ T. D. માં [illegible] બરાબર છે.

આવારીક કેાલા મગેાપતાન ઈ વ્હકરાન પવન ખુદાઈઝ નામે મિન હમદુદે ઈમિલ્લુનેત મિન દિનમન તેાખ્મે માનુશચેહર હુમન્દ વલ્મન્શાનસ્ચ મગેાપતાન ઈ કુન હુમન્દ હમાક મિન હમ દુદે હુમન્દ કરીતુન્દ વ ખિચ લે બન્દે કરીતુન્દ દાતકીઅ ઈ અરાવહિશ્ત ઈ ગેાશન જમ ઈ વાહરામશાદ ઈ જરતુહશ્ત ઈ જરતુહશ્ત[૨] આતરપાત મારસ્પન્દાન.

અર્થ—બીજા સઘળા મેાબેદા, જેઓને ખુદાઈ નામે (નામની કેતાબ) માં એક કુટંબના કહેછે, તેઓ મીનેાચેહરના આ તેાખ્મના છે. વળી તે મેાબેદા, કે જેઓ હાલમાં છે, તેઓ સર્વ આ એકજ કુટંબનાં પેાતાને કહેછે, અને હું બેદા પણ આજ કુટંબનેા છું, કે જેને લેાકેા દાતકીઅ કહેછે, કે જે અરાવહિશ્ત નેા (છેાકરેા) છું, જે ગેાશન જમનેા, જે વાહરામ શાદનેા, જે જરથેાશ્તનેા, જે જરથેાશ્ત આદરબાદ મારેસપન્દનેા (છે).

આ ફકરા ઉપરથી ત્યારે માલમ પડેછે કે ખુનદેહરાનેા લખનાર દાતકીઅ નામનેા મેાબેદ હતેા અને તે આદરબાદ મારેસપન્દના વેરાની પાંચમી પેઢીનેા હતેા. આ લખનાર પેાતાની માતાનું નામ પણ આજ બાબમાં આગળ જણાવે છે કે "મારી મા જેનાથી હું જનમ્યેા તે માહઅયારત માહરેાબખ્તની (છેાકરી) ફરેહમાહની અને માહબેાખ્તના માહ ખુનદાકની છેાકરી હતી.

ખુનદેહેશનેા સને.

અસલ ખુનદેહેશનેા સને—હવે આદરબાદ મારેસ્પંદ શાપુર બીજાનેા વેરેા દસ્તુર હતેા. એ શાપુર બીજાએ ઈ. સ. ૩૦૯ થી ૩૭૯ સુધી રાજ્ય કર્યું હતું. તેથી જે આદરબાદ મારેસ્પંદનેા વખત તેના રાજ્યની આસરે સેવટે ગણીએ-કહેા કે ઈ. સ. ૩૫૦ માં ગણીએ,—અને દરેક પેઢી ૨૫ વર્ષની ગણીએ,તેા ખુનદેહેરાનેા અસલ લખનાર દાતકીઅ ઈ. સ. (૩૫૦+૧૨૫) ૪૭૫ માં થાઈ ગયેા હેાય, એટલે તે ઈ. સ. ની પાંચમી સદીના સેવટે થઈ ગયેા હેાય.

ડા. ઉવેસ્ત્ર ઉપલા ફકરામાં જે "દાતકીઅ ઈ અરા વહીશ્ત" શબ્દેા છે તેને માટે શકમંદ છે, અને કહેછે કે "This looks more like a complimentary title than a name." એટલે કે તે વિશેષ નામ તે બદલે સેફાતી ઈજતના શબ્દેા છે, અને આમ લેઈ અર્થ કરેછે કે the administrator of perfect justice. ત્યારપછીના શબ્દને તે વિશેષ નામ લેઈ ઈબારત ચાલુ કરેછે. પણ D H માં અને T D ની બીજી નકલમાં, પછીનાં નામ ગેાશન જમની આગમચ 'ઈ' છે, જે દેખાડે છે કે આગલું નામ વિશેષ નામ છે અને પછી તેની પેઢી દર પેઢીના નામ છે.

હાલમાં મળેછે તેમ, પાછલા વધારા સાથેની ખુનદેહેશનેા સને—આ તેા ત્યારે ખુનદેહેરાના એક અસલ લખનારનેા સને થયેા. પણ ખુલ્લું દિસેછે કે તે અસલ ખુનદેહેરામાં પાછળથી ઘણેા વધારેા થયેા છે. તેમાં કેટલેાક ભાગ, છેક આરબેાને હાથની ઈરાનની ફતેહ પછીનેા પણ છે. તે જેતાં ત્યારે ખુનદેહેરા, જેવી રીતે તે આપણી પાસે હાલ છે, તેવી રીતે તેનેા થેાડેાક ભાગ આરબેાની ફતેહ પછીનેા છે. ત્યારે એ બાબેના આપણે ફકરાએેા તપાસીએ અને જેાઇએ કે તેમાં આરબેાની ફતેહ પછી કયા વખત સુધી ફકરાએેા ઉમેરાયા હતા.

આરબેાની છતના પાછળા વખતના ઉસારાએેા—૧) બાબ ૩૪ માં, જ્યાં જુદા જુદા પાદશાહેાનાં સને આપ્યાં છે, ત્યાં સેવટે "આખેર વલ તાબકાન વજ્રુન્ત" એટલે "સેવટ આરબેાને હાથ

(૧) T. D. માં આ બરાબર છે. D H માં 'બ' અને 'ન' ફેરબદલ લખાયા છે.

(૨) TD માં બે નામ એકજ વખત છે. પણ TD માં બે વખત છે.

પાદશાહી) ગઈ" એમ જણાવે છે. એ ઇસારો ત્યારે ખુલ્લું દેખાડે છે કે આરબોને હાથ ઇરાનીઓની હાર થવા પછી પણ, એમાં કોઇક ભાગ ઊમેરાયો હોય.

૨. વળી આરબોનો ઇસારો એક બીજે ઠેકાણે પણ છે. તે બાબ ૨૩ ફ. ૩ માં છે. ત્યાં "જુન્જે સોહાક પુસ્ત" એટલે "કાળી ચામડીના હબસીઓ"ની ઉત્પત્તિ કેમ થઈ, તે જણાવી કહેછે કે " કુન દોબારસ્તને તાજીકાન લખ્વાર વલ ઇરાન શત્ર ગોમીખ્ત હુમંદ" એટલે "હાલમાં તાજીઓ (એટલે આરબો)ના હુમલા (સાથે) તેઓ ઇરાન શહેરમાં પાછા (બીજાઓ સાથે) ભેળાઈ ગયા છે." આરબોની ફતેહ માટેનો આ બીજો ઇસારો પણ ત્યારે દેખાડે છે કે બુન્દહેશનો આ ભાગ, જેવી રીતે આપણે તેને હાલ જોઇએ છીએ તેવી રીતે, તે આરબ ફતેહ પછી એટલે ઇ. સ. ૬૫૧ પછી લખાયલો હોવો જોઇએ.

૩. આરબોની ફતેહનો વધુ ખુલ્લો ઇસારો D. H. અને T. D. ની નકલોની રાઇ આતમાંજ મળેછે. એ નકલ પ્રમાણે તો આરબોની ફતેહ પછી તેઓ ઇરાનમાં મુળકમાં આવવા પછીજ (મીન મતને તાજીકાન વલ અઇરાન રાત્ર) આ ભાગ લખાયો હોય.

૪. આરબોની ફતેહના ઇસારા માટેનો બીજો અગત્યનો અને લંબાણ ફકરો, જે ડા. ઉવેસ્ટ રજુ કરેછે, તે બુન્દહેશની હાલની સાધારણ નકલોમાં નથી મળતો, પણ તે D H અને T. D. ની જુની નકલોમાં નીચે મુજબ છે.(૧)

અમત ખુદાએ વલ યજદગર્દ મદ બીરત શન્ત ખુદાએ કર્દ અદીન તાજીકાન પવન કબદ મરબીઅ વલ અઇરાન દોબારેસ્તન હુમન્દ. યજદગર્દ પવન કારીજાર બેયતમત વલમનશાન લા શીકુફ્તન.(૨) વલ ખોરાસાન વ તુર્કસ્તાન વજલુન્ત, અસ્પ વ ગાવ્રા અખ્વેગારીએ બવીકુનસ્ત. અવશાન તેમમન બકતલુન્ત. બેતમને યજદગર્દ વલ હીન્દુકાન વજલુન્ત. સેપાહ વ ગોર્દ બાઇસ્તુન્ત. પીરા મિન સાતુનતન વલ ખોરાસાન અખ્વેજીત(૩) વ જક સેપાહ વ ગોર્દ બેશુકુન્ત(૪) વ ઇરાન શત્ર પવન તાજીકાન કતુન્ત. અવશાન જકે નેકુરામન દાતે અક-દીનીએ રોબાકીનીત વ કબદ આઇનીને પીરોનીકાન વશુરીનીત. વ દીને મજદયસ્નાન જરીનીદ વ નમા શુયસ્નીએ વ નમા નેમાનીએ(૫) વ નમા ખુરસ્નીએ પવન કર્દે બુનખ્તુન્ત વ મિન બુનદેહસ્નીએ વહ લ દેનમન યુમ હલાકીએ મિન દેનમન ગેરાનતર(૬) લા મદ નેમત દુરા કુનસ્નીએ એ વલમતરાન રાએ નેઆજ વ હુગેરાનીએ(૭) વ મુસ્ત(૮) કુનસ્નીએ વદ્દાતીએ વ વદ્દીનીએ રાએ મીસ નીઆજ વ અવારીક હલાકીએ મેહમાન વાદુન્ત.

અર્થ.—જ્યારે પાદશાહી યજદગર્દને પહોંચી, ત્યારે તેણે ૨૦ વર્ષ રાજ્ય કર્યું. પછી આરબો મોટી સંખ્યામાં ઇરાન ઉપર ધસી આવ્યા. યજદગર્દ તેઓ સાથેની લડાઇમાં ફતેહમંદ થયો નહીં. તે ખોરાસાન અને તુર્કસ્તાન ભણી ગયો અને ઘોડાઓ અને માણસોની મદદ માગી. તેઓએ તેને મારી નાખ્યો. યજદગર્દનો છોકરો હિંદુઓના (મુલક) તરફ ગયો (અને) લશ્કર અને પેહેલવાનો લાવ્યો. ખોરાસાન ભણી જવા આગમચ, તેઓ અટકી પડ્યા અને તે લશ્કર અને પેહેલવાનો નારા પામ્યા અને ઇરાનનો મુલક આરબોના હાથમાં રહ્યો. તેઓએ પોતાની ઊળખી દીનનો કાયદો જારી કર્યો અને અસલનાં લોકોના ઘણા તરીકાઓનો નારા કર્યો અને માજદયસ્ની દીનને નબળી કરી અને નમાને પાણીમાં નાખ્યો (lit. ધોયો) અને નમો દાઢ્યો (lit. છુપાવ્યો યા તપાસી રાખ્યો) અને નમો ખાધો (એ મઘણું) અમલમાં લાવ્યા અને પેદાયશની રાઇ આતથી તે હાલના દિવસ સુધી, આના કરતાં વધારે સખ્ત હલાકી

---

(૧) D. H. પાનું ૨૨૨ લીટી ૨૦. T. D. ની નકલ પા. ૨૫૨. (૨) ફા. شكفتن શીકુફ્તન to expand, flourish, open. (૩) ફા. بسيختن to suspend. TD ૭૩૨ આપેલે તે બરાબર છે.

(૪) ફા. بشكستن કુશુકતન to destroy T D માં ૭૩૨૦ છે. તે દુરસ્ત છે.

(૫) ફા. نهادن or for نهان (નેહાનીએ) છુપું રાખવું (૬) T. D. માં ૭૩૬ ઈમલો છે. તે બરાબર છે. D. H. માં ૭૩૭ છે. (૭) T. D. માં ૭૩૮૭ ઈમલો બરાબર છે. D. H. માં ૭૩૮૭ છે. તે ઉપર 'ગેરાન' શબ્દ એ નકલમાં ભમ્યો છે, તેમ વાંચીએ તોપણ હુગેરાનીએ એટલે 'ઘણી સખ્તી' અર્થ થાય. ડા. ઉવેસ્ટ "અન-ઈરાનીએ" વાંચે છે. (૮) ફા. شدت મુસ્ત trouble, distress.

કોઈ પણ વખત પહોંચી હતી નહીં, કારણ કે તેઓનાં બૂરાં કામને લીધે, અને તંગી અને ઘણી સખ્તી અને મુશ્કેલ કામો અને બૂરા કાયદા અને બદ દીનાને લીધે, દુઃખ અને હાજતમંદી અને બીજી હલાકીઓએ (દેશમાં) મકાન કીધું.

આ ફકરા ઉપરથી ત્યારે આપણને ખુલ્લું દિસેછે કે યજદગર્દની હાર અને કતલ પછી, અને વળી તેના બેટાની હાર પછી, લાંબે વખતે બુનદેહેરાનો કોઇકે ભાગ લખાયલો હોવો જોઇએ. દેશમાં ફેલાયલી તંગી ગરીબી અને બદ આબ્રૂની માટે, અને માજદયસ્નની દીન નબળી પડવા માટે, અને પારકી દીન ફેલાવા માટે, જ્યારે અહીં બોલવામાં આવેછે, ત્યારે ખુલ્લું દિસેછે, કે યજદગર્દની હાર પછી ઘણે લાંબે વખતે, કાંઈ નહીં તો સો બસો વર્ષ પછી, આ ભાગ લખાયલો હોવો જોઇએ. કારણ આરબોની ફતેહ પછી, તેઓની દીન ફેલાવા માટે, અને જરથોશ્તી દીન નબળી પડવા માટે કેટલોક વખત લાગવો જોઇએ.

આરબોની જીત પછીના વધુ પાછલા વખતના ઇસારાઓ.—૬. હવે ત્યારે સવાલ ઊઠેછે કે યજદગર્દ પછી, કેટલે લાંબે વખતે, બુનદેહેરા હાલમાં જેમ છે તેમ લખાઈ હતી. આગળ બાબ ૨૩ માંના 'જંગી સીહા પોશ્ત'ના ઇસારા વાળા ફકરાની આપણે તપાસ લીધી છે, તે ફકરાને આધારે, મરહુમ દાર્મસ્ટેટરે આ પુસ્તક વાને તેનો કોઇકે ભાગ લખવાનો વખત વધારે ચોકસ મુકરર કરવાની કોશીશ કીધી છે.

બાબ ૨૩ માં "જંગે સીહાફ પુસ્ત" એટલે "કાળીચામડીના હબસીઓ"ની ઉત્પત્તિનો ઇસારો છે. ત્યાં નીચલો ફકરો છે "હાલમાં તાજીઓ (એટલે આરબો) ના હુમલા (સાથે) તેઓ (એટલે હબસીઓ) ઈરાન શેહરમાં પાછા ભેળાઈ ગયા છે." આ બાબત ઉપરથી, પ્રોફેસર દાર્મસ્ટેટરે દલીલ રજુ કીધી છે કે બુનદેહેરા કેતાબ ઇ. સ. ૮૬૨ પછી લખાઈ હોય. આ ફકરાના "જંગે સીઆફ પુસ્ત"ને દાર્મસ્ટેટર "જંગી લોકો" વાને "જંગબારના લોકો" ગણેછે. જંગબારના લોકોએ ખલીફાઓના વખતમાં થોડા વખત સુધી ઘણી બહાદુરી કીધી હતી. ઇ. સ. ૮૬૯ માં અલી એબ્નને અબદુલ રેહમાન નામે એક સરદારે એવો ઓટો દાવો કીધો કે તે હજરત અલીથી ઊતરી આવેલો છે, માટે તેને ખેલાફત ઘટેછે. એ વિચારથી તેણે જંગબારી ગુલામો ખરીદ કરી તેઓનું એક લશ્કર ઊભું કીધું અને તે લશ્કરની મદદથી ૨૦ વર્ષ સુધી લડી ઇરાનની પુર્વના મુલકો જીતી લઈને તેને તારાજ કીધા. પાછળથી ઇરાનીઓએ ઇ. સ. ૮૯૨ માં તે જંગબારીઓને મારી હટાવ્યા હતા. માટે, ધારી શકાય કે, બુનદેહેરાના સેવટના લખનારનો જમાનો ઇ. સ. ૮૬૨ થી ૮૯૨ ની વચ્ચે હોય.(૧)

૨. પુસ્તીની અને બીજી નકલોમાં ૩૪ મા બાબની સેવટે ઉપર જણાવ્યા મુજબ ઇબારત છે કે "આખેર વલ તાજીકાન બજલુન્ત" એટલે "સેવટે (પાદશાહી) આરબોને હાથ ગઇ." એ ફકરાને બદલે દસ્તુર હોશંગજી વાળી અને એરવદ તેહમુરસવાળી પુરાણી D. H. અને T. D. નકલોમાં નીચલી ઇબારત છે. "વદ જુનાફ અયાફત અનરાકુઇ તાજીકાન વદ રાન્તે એહાર સદ એહલો હફ્ત ઇ પારસીકાન. કુન પન્જ બીસ્તો હફ્ત રાન્તે પારસીક." આ જરા ગુચવણ ભર્યો ફકરો છે. પણ એનો અર્થ હું નીચે પ્રમાણે કરૂંછું. "જ્યાં સુધી કમ બખ્ત આરબોએ (ખરાનના મુલકની) જગ્યા મેળવી (ત્યાં સુધી) ૪૪૭ પારસીઓનાં વર્ષ. હાલ પારસીઓના પાંચ ૨૭ વર્ષ."

એ ફકરા ઉપરથી મતલબ નીચે મુજબ દિસેછે. આગલા ફકરામાં કહ્યું છે કે "અરદેશાર બાબેગાન અને કુલે સાસાનીઓનોએ ૪૯૦ વર્ષ પાદશાહી કીધી." હવે આ લખનાર કહેવા આગે છે કે, એ સઘળાં ૪૯૦ વર્ષ સાસાનીઓની પાદશાહીનાં નહીં ગણવાં, પણ આરબોને હાથ પાદશાહી ગઇ ત્યાં સુધી ૪૪૭ વર્ષ ગણવાં. તેની મતલબ એવી હોય કે (૪૯૦—૪૪૭) ૨૩ વર્ષ તો એમાં યજદગર્દની નામ ભાગના હોય, જે બાદ કરવાં જોઇએ. પણ ઉપર ઊતારેલા ફકરામાં જે અગત્યનો ભાગ છે તે પાછલો ભાગ છે. જેમાં કહેછે કે "હાલ પારસીઓના પાંચ ૨૭ વર્ષ" એટલે ૧૪૫ વર્ષ. આપણે જાણીએ છીએ કે યજદગર્દની હાર પછી પણ અઢારતવાર જરથોશ્તી પાદશાહો અને હાકેમોનું છુટું રાજ્ય કેટલુંક સુધી ખોરાસાનના પહાડી

(૧) "જરથોશ્તી દીનની ખોળ કરનારી મંડળીનો એહવાલ (૧૮૯૧) પા. ૨૫૦. પ્રોફેસર દાર્મસ્ટેટરનો વિષય."

મુલકોમાં અને બીજા મુલકોમાં ચાલ્યું હતું. ત્યારે આ લખનારની મતલબ એવી દિસે છે કે, આરબોને હાથ યજદગરદનું રાજ્ય જવા પછી પણ ૧૩૫ વર્ષ સુધી પારસીઓનું છુટું છવાયું કેથે રાજ્ય હતું. આ લખાણના સંબંધમાં, લખનાર 'કુન' એટલે 'હાલ' શબ્દ વાપરેછે, તે ઉપરથી ત્યારે દિસેછે કે યજદગરદ પછી ૧૩૫ વર્ષે કોઈ લખનારે બુનદેહેશમાં એ ફકરો ઉમેર્યો હોય. ત્યારે દિસેછે કે યજદગરદ પછી ૧૩૫ વર્ષે એટલે આસરે (૬૫૧+૧૩૫=) ઈ. સ. ૭૮૬ માં બુનદેહેશમાં એ ફકરો ઉમેરાયો હોય.

